
# ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં 'લગાન'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ




ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્નની 17મી આવૃત્તિ 13-23 ઑગસ્ટ દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં યોજાશે. આ વર્ષની શરૂઆત ખાસ કાર્યક્રમ સાથે થશે, જેમાં ફિલ્મ 'લગાન'ના 25 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરવામાં આવશે. 9 જુલાઈએ મેલબર્નના ACMI સિનેમામાં યોજાનારા આ કાર્યક્રમમાં આમિર ખાન હાજરી આપશે અને 'લગાન'ની સ્પેશિયલ સ્ક્રીનિંગ સાથે ફેસ્ટિવલનો પ્રારંભ કરાવશે. વર્ષ 2001માં રિલીઝ થયેલી 'લગાન' ભારતીય સિનેમાની એવી પસંદગીની ફિલ્મોમાં સામેલ છે, જેને ઓસ્કરના બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું. આ સિદ્ધિ મેળવનારી તે ભારતની બીજી ફિલ્મ હતી. વિક્ટોરિયા સરકારના સહયોગથી યોજાતો IFFM હવે ભારતીય સિનેમાનું એક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ બની ગયું છે. અગાઉના વર્ષોમાં શાહરુખ ખાન, અમિતાભ બચ્ચન, એ.આર. રહેમાન, ઐશ્વર્યા રાય બચ્ચન, રાની મુખર્જી, રામ ચરણ, વિજય સેતુપતિ, વિકી કૌશલ, વિજય વર્મા અને કીર્તિ સુરેશ સહિત અનેક કલાકારો તેમાં હાજરી આપી ચૂક્યા છે.